

# શ્રાદ્ધ- પિતૃઋણ, પિતૃદોષનો ડર, દેખાડો કે કૃતજ્ઞતા?

ભાદરવો મહિનો પિતૃપક્ષ આવે એટલે ઘરોમાં શ્રાદ્ધ, તર્પણ અને પિતૃસ્મરણની પરંપરા શરૂ થાય છે. કોઈ કાગડાને અન્ન આપે છે, કોઈ ગાય-કૂતરાને રોટલી આપે છે, કોઈ બ્રાહ્મણને ભોજન કરાવે છે, જ્યારે કોઈ દીકરી-ભાણેજને ભોજન કરાવે છે પરંતુ આ બધી વિધિઓની વચ્ચે એક સહજ પ્રશ્ન ઉદ્ભવવો જ જોઈએ કે **જે સ્વજનને આપણે મૃત્યુ પછી પણ પિતૃરૂપે યાદ કરીએ છીએ, તેને જીવતાં-જીવ કેમ ભૂલી જઈએ છીએ?**

પિતૃપક્ષ કદાચ માત્ર મૃત્યુ પામેલાં સ્વજનોને યાદ કરવાનો સમય નથી; એ આપણા મૂળને યાદ કરવાનો સમય પણ છે. આપણે ઘણી વાર 'સાત પેઢી'ની વાત કરીએ છીએ, વૈજ્ઞાનિક રીતે જોઈએ તો આપણા શરીરમાં રહેલું DNA માતા-પિતા પાસેથી મળેલી આનુવંશિક માહિતી લઈને આવે છે અને એ વારસાની કડી અનેક પેઢીઓ સુધી પાછળ જાય છે એટલે 'સાત પેઢી'ને વિજ્ઞાનનું ચોક્સ માપ ગણવાને બદલે આપણી પરંપરામાં તેને પેઢી-દર-પેઢી ચાલતા વંશીય જોડાણના પ્રતીક તરીકે સમજીએ તો તેનો અર્થ ખૂબ સુંદર બને છે. મારો ચહેરો કદાચ દાદી જેવો હોય, સ્વભાવમાં દાદાનો અંશ હોય, કોઈ પ્રતિભા માતા પાસેથી આવી હોય અને કોઈ ટેવ પિતા પાસેથી. માત્ર શરીર જ નહીં - પરિવારની ભાષા, સંસ્કાર, સ્મૃતિઓ, વ્યવસાય, અટક, જીવનશૈલી અને મૂલ્યો પણ પેઢીથી પેઢી આગળ વધે છે. એટલે જ, **પિતૃઓને યાદ કરવાં એટલે માત્ર ગયા હોય તેમને યાદ કરવા નહીં, આપણી અંદર જીવતાં આપણા મૂળને ઓળખવું.**




શ્રાદ્ધમાં અન્નદાનનું પણ સુંદર સામાજિક દર્શન છે. પશુ-પક્ષી-જરૂરિયાતમંદને અન્ન પોતાના ઘર અને પેટની સીમા છોડીને બીજા જીવ સુધી પહોંચાડવાની ભાવના છે. જ્યારે બ્રાહ્મણભોજનની પરંપરાને પણ જ્ઞાન, ધર્મપરંપરા અને દાન સાથે જોડીને જોવામાં આવી છે. વિવિધ પ્રદેશો અને પરંપરાઓમાં તેની રીતો અલગ હોઈ શકે પરંતુ તેની પાછળનો એક સુંદર ભાવ મને દેખાય છે **- મારા પૂર્વજોની સ્મૃતિ મને વધુ કૃતજ્ઞ અને વધુ સંવેદનશીલ બનાવે** પરંતુ અહીં એક સામાજિક પ્રશ્ન ઊભો થાય છે. જો પિતાના અવસાન પછી તેમના નામે શ્રાદ્ધ કરવાના છીએ તો જીવતા પિતાને ફોન કરવામાં અહંકાર શા માટે? જો માતાના ગયા પછી તેની તસવીર સામે દીવો કરવાના છીએ, તો જીવતી માતા પાસે ૧૦ મિનિટ બેસવાનો સમય કેમ નથી કાઢતા? ભાઈ-બહેન વચ્ચે મિલકતનો વિવાદ હોય, પિતા-પુત્ર વચ્ચે વિચારોનો મતભેદ હોય, સાસુ-વહુ વચ્ચે મનદુઃખ હોય - મતભેદ થવા સ્વાભાવિક છે. દરેક સંબંધમાં સહમત થવું જરૂરી નથી. અન્યાય કે અપમાન સહન કરવું પણ સંબંધ સાચવવાનો અર્થ નથી પરંતુ જ્યાં સંવાદ અને સન્માન શક્ય છે, ત્યાં અહંકારને કારણે સંબંધનું શ્રાદ્ધ જીવતાં જ કરી નાખવું કેટલું યોગ્ય?

**કેસ : 1**

વૃદ્ધાશ્રમની મુલાકાત દરમિયાન એક માતાએ મને બહુ સહજતાથી કહ્યું, ''બેન! હું અહીં બહુ ખુશ છું. મારા ત્રણ દીકરા મને બહુ માને છે. મારા પૌત્રો પણ મળવા આવે છે, ઘરે લઈ જવા કહે છે... પણ હવે મારે જ નથી જવું.'' મેં આશ્ચર્ય થઈ કારણ પૂછ્યું. મૌન રહીને તેમણે શરૂ કર્યું - ''મારા દીકરાઓને મારી સાથે કોઈ ફરિયાદ નથી. ફરિયાદ એકબીજા સાથે છે. ભાઈઓ વચ્ચે મનભેદ, વહુઓ વચ્ચે મતભેદ, અહંકાર, ગુસ્સો, દેખાદેખી... અને હું જેની સાથે રહું, તેની ફરિયાદો સાંભળું, એકનો ગુસ્સો બીજા પર હોય પણ અંતે ઊતરે મારા પર. જાણે ત્રણેયને જન્મ આપવો મારો ગુનો હોય.'' પછી તેમણે એક એવી વાત કહી કે હું લાંબા સમય સુધી ભૂલી શકી નહીં- ''મને ખબર છે, હું મરીશ પછી ત્રણેય મારું શ્રાદ્ધ કરશે. લોકો ભેગા થશે, તર્પણ થશે, વિધિ થશે. જે હું જ ઈચ્છું છું કે થાય કારણ કે મારે તેમને ભેગા જોવા છે, પછી કારણ ભલે મારું શ્રાદ્ધ હોય પણ જીવતેજીવ એમના ઝઘડાનું કેન્દ્ર બની રહું-એ હું નથી ઈચ્છતી. એટલે મેં વિચાર્યું-હું ખસી જાઉં. હું પણ શાંતિથી જીવું અને એમને પણ જીવવા દઉં. પણ હા, મારા ગયા પછી તમામ વિધિ અને શ્રાદ્ધ થવા જ જોઈએ એવું મેં લખીને ફિક્સ ડિપોઝિટ કરી રાખી છે, જેથી પૈસા-ખર્ચ માટે ઝઘડો નહીં, ફક્ત મારા આત્માની શાંતિ માટે તેઓએ ફરજિયાત ભેગા થવું. મને વિશ્વાસ છે કે ઉંમરની સાથે તેઓના મતભેદો પણ ઓગળી જશે અને તેમનાં સંતાનોને પણ માતૃઋણની સમજ કેળવાશે.'' આ વાત સાંભળીને મને લાગ્યું કે - માતા પોતાના મૃત્યુ પછી પણ સંતાનોમાં સંપ-પ્રેમ ઈચ્છે છે અને ક્યારેક વૃદ્ધાશ્રમમાં રહેનારી માતા સંતાનવિહોણી નથી હોતી, તે સંબંધોના કલહથી થાકી ગયેલી હોય છે અને કદાચ એ જ પ્રશ્ન **પિતૃપક્ષ આપણને પૂછે છે - મૃત્યુ પછી માતાપિતાનું શ્રાદ્ધ કરવાની તૈયારી છે, તો જીવતાં તેમને શાંતિ આપવાની તૈયારી છે?** જેના મૃત્યુ પછી તેમને 'પિતૃ' કહીને પૂજશો, તેને જીવતાં 'પરિવાર' તરીકે સાચવવાનું ચૂકી જશો - તો ક્યાંક શ્રાદ્ધનો મૂળ ભાવ અધૂરો નથી રહી જતો?

આજે ઘણા લોકો કુંડળીમાં 'પિતૃદોષ' છે એવું સાંભળતા જ ડરી જાય છે. જીવનમાં મુશ્કેલી આવે એટલે ક્યાંક પિતૃઓ અસંતુષ્ટ હશે એવી ધારણા કરી વિશેષ વિધિ, પૂજા કે તીર્થસ્થળે જઈ અનુષ્ઠાન કરાવવાનો માર્ગ અપનાવવામાં આવે છે. આ ધાર્મિક-જ્યોતિષીય માન્યતાઓનો વિષય છે. આપણાં શાસ્ત્રોમાં આત્માની અવિનાશિતાની આધ્યાત્મિક કલ્પના છે પરંતુ એ માન્યતાનો અર્થ શું એવો કરવો કે આપણા પૂર્વજો આપણને સજા કરવા બેઠા છે? મને તો પિતૃસ્મરણનો વધુ સુંદર અર્થ દેખાય છે -

ડર નહીં, ઋણાનુબંધ.
દોષ નહીં, દાયીત્વ.
કર્મકાંડ જ નહીં, કૃતજ્ઞતા.

સ્કંદપુરાણ સહિતના ધાર્મિક ગ્રંથોમાં શ્રાદ્ધ, તર્પણ, પિતૃસ્મરણ અને અન્નદાનના વિવિધ સંદર્ભો મળે છે. પિતૃપક્ષની જુદી તિથિઓ સાથે જુદા પૂર્વજોના સ્મરણની પરંપરાઓ પણ જોડાયેલી છે. માતૃનવમી કે અવિધવા નોમ જેવી તિથિઓ હોય કે અંતે આવતી સર્વપિતૃ-અમાસ - મૂળ ભાવ તો સ્મરણ અને શ્રદ્ધાનો છે. સર્વપિતૃ અમાસ મને ખાસ સ્પર્શે છે કારણ કે આપણા વંશમાં કેટલાય એવા પૂર્વજો હશે જેમનું નામ પણ આજે આપણને ખબર નથી. તસવીર નથી, ચહેરો ખબર નથી, તેમના વિશેની માહિતી પણ નથી. છતાં આપણે કહીએ છીએ - **'તમે કોણ હતા એ કદાચ મને જાણ નથી પરંતુ મારા અસ્તિત્વની સાંકળમાં તમે હતા - એ હું સ્વીકારું છું.'** કેટલો સુંદર gratitude છે! આપણાં બાળકો આપણું શ્રાદ્ધ કેવી રીતે કરવું એ પહેલાં **સંબંધો કેવી રીતે જીવવા એ આપણને જોઈને શીખી રહ્યા છે.** તો આ પિતૃપક્ષે તર્પણ જરૂર કરીએ. શ્રાદ્ધ કરીએ, અન્નદાન કરીએ. સર્વપિતૃ અમાસે આપણા તમામ પૂર્વજોને શ્રદ્ધાપૂર્વક નમન કરીએ. પણ સાથે એક 'જીવંત શ્રાદ્ધ' નહીં, 'જીવંત શ્રદ્ધા' પણ વ્યક્ત કરીએ.

- માતાપિતા પાસે બેસીએ.
- રિસાયેલા વડીલ કે સ્વજનને ફોન કરીએ.
- ભાઈ-બહેન સાથેના સંબંધમાં શક્ય હોય તો સંવાદનું એક બારણું ખોલીએ.
- અને આપણાં બાળકોને તેમના દાદા-પરદાદાની એક સારી વાત કહીએ **કારણ કે આપણા પિતૃઓ આપણને માત્ર સંપત્તિ કે અટક આપીને નથી ગયા. તેમણે આપણને જીવન સુધી પહોંચાડતી એક અવિરત સાંકળ આપી છે** અને કદાચ પિતૃઋણ ચૂકવવાની સૌથી સુંદર રીત એ છે -

**ગયેલાને શ્રદ્ધાથી યાદ કરીએ,**
**જીવતાને પ્રેમથી સાચવીએ,**
**અને આવનારી પેઢીને સંબંધોનો સારો વારસો આપીએ.**

કારણ કે જેને મૃત્યુ પછી પણ આપણે ભૂલતા નથી, તેને જીવતાં ભૂલી જવાનો આપણને અધિકાર ક્યાંથી મળ્યો? એટલે જ,

**શ્રાદ્ધ ડરથી નહીં - સમજથી કરો.**
**દેખાડાથી નહીં - શ્રદ્ધાથી કરો.**
**અને પિતૃઋણ માત્ર વિધિથી નહીં - જીવનમાં કૃતજ્ઞતા ઉતારીને વ્યક્ત કરો.**

Instagram@gita.shroff

